GS, MS અને C.S. પાઈપો
ગેલ્વેનાઈઝ તેમજ MS ચોરસ
અને લંબચોરસ પાઈપો
IBR પાઈપો અને IBR ફીટીંગ્સ
MS અને GI ફીટીંગ્સ અને વાલ્વ
ચેનલ એન્ગલ, બીમ, પ્લેટ
MUGATLAL B. & SONS
"મુગટ હાઉસ",
ઉધના મેઈનરોડ, ક્રિષ્ણા પેટ્રોલ પંપની બાજુની ગલીમાં સુરત.
● બ્રાન્ચ : પ્લોટ નં.-૬૦૫, રોડ નં.-૬, G.I.D.C., સચીન.
ફોન : ૨૩૬૮૬૧૧, ૨૩૪૨૪૭૦ (મો.) ૯૮૨૪૧૦૯૩૩૩ સચીન
● E-mail : info@mugatlalbsons.com ●

# ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા
વડોદરા

શેઠ પી. ટી. સુરત જનરલ હોસ્પિટલ
ડૉ. ભટ્ટની હોસ્પિટલ
બાલાજી રોડ, સ્વ. શ્રી કનૈયાલાલ મોદી માર્ગ, સુરત.
ફોન : ૦૨૬૧-૨૫૯૨૦૪૦, ૨૫૯૨૦૪૧, ૨૬૦૪૦૦૦
સરકારશ્રીની "માં કાર્ડ યોજના"
હેઠળ અનુભવી ડૉક્ટર્સ દ્વારા
જનરલ સર્જરી અને ENT સર્જરી
ફ્રી કરવામાં આવે છે.
કેશલેસ અને મેડીક્લેઈમની સેવા ઉપલબ્ધ - ૨૪ કલાક ઈમરજન્સી
સાચા અર્થમાં ટ્રસ્ટ હૉસ્પિટલ...

માલિક: ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાન: ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગ: ૨૫૯૯૯૯૧, ફેકસ: ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગ: ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષ: ૧૬૩ * * * સંવત ૨૦૮૨ અષાઢ વદ દશમ શનિવાર ૮ ઓગષ્ટ, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૨૪૫ પાનાં ૧૨+૧૨ કિંમત ₹ ૫.૦૦

# NEET પેપર લીકનું કાવતરું મહિનાઓ પહેલા ઘડાયું હતું

**CBIએ** દિલ્હીની રાઉઝ એવેન્યુ કોર્ટમાં દાખલ કરેલી 94 પાનાની ચાર્જશીટમાં સ્ફોટક ખુલાસા

**ચાર્જશીટમાં** પેપરો તૈયાર કરનાર પેનલના પુણે સ્થિત ત્રણ નિષ્ણાતનો પેપર લીકના પ્રાથમિક સ્ત્રોત તરીકે ઉલ્લેખ

**NTAના** નિષ્ણાતોએ પેપર તૈયાર કરવા દરમિયાન જ પ્રશ્નોને યાદ કરી લીધા હોવાનું પણ ખુલ્યું

નવી દિલ્હી, તા. 7 : NEET-UG 2026 પેપર લીકનું કાવતરું પરીક્ષાના ઘણા મહિનાઓ પહેલા જ ઘડવામાં આવ્યું હતું. NTAના નિષ્ણાતોએ પેપર તૈયાર કરવા દરમિયાન જ પ્રશ્નો યાદ કરી લીધા હતા. CBIએ દિલ્હીની રાઉઝ એવેન્યુ કોર્ટમાં દાખલ કરેલી 94 પાનાની ચાર્જશીટમાં આ દાવો કર્યો છે. ચાર્જશીટ 28 જુલાઈએ દાખલ કરવામાં આવી હતી. આ માહિતી શુક્રવારે સામે આવી છે. આ ચાર્જશીટ મુજબ, નિષ્ણાતો NTA ઓફિસથી હોટેલ પર પાછા

...અનુસંધાન પાના 11 પર

## NTAના અનેક છીંડાઓ તરફ સીબીઆઇએ ધ્યાન દોર્યું

**નવી દિલ્હી.** સીબીઆઈએ NEET-UG 2026 માં સુરક્ષા વ્યવસ્થામાં ગંભીર અને સામાન્ય ખામીઓની શ્રેણીબદ્ધ યાદી તરફ ધ્યાન દોર્યું છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર, એજન્સીએ નેશનલ ટેસ્ટિંગ એજન્સી(NTA)ના કોન્ફિડેન્શિયલ સેક્શનમાં અંગ ઝડતી અને ચેકિંગના અભાવ, આ સ્થળ પર યોગ્ય સીસીટીવી મોનિટરિંગ ન હોવા અને પેપર ફાઇનલ કરવાના અલગ-અલગ તબક્કાઓમાં એક જ જૂથના લોકોની સંડોવણી હોવા બાબતો તરફ ધ્યાન દોર્યું છે.
અહીંની એક વિશેષ અદાલત સમક્ષ દાખલ કરાયેલી પોતાની 94 પાનાની ચાર્જશીટમાં સીબીઆઈએ જણાવ્યું છે કે, એજન્સીએ નેશનલ ટેસ્ટિંગ એજન્સી (NTA)ની કાર્યપદ્ધતિમાં કમ્પાર્ટમેન્ટલાઇઝેશનના અભાવ તરફ આંગળી ચીંધી છે, જેના કારણે કોઈ એક વ્યક્તિ માટે મેડિકલ પરીક્ષા 'નેશનલ એલિજિબિલિટી એન્ડ એન્ટ્રન્સ ટેસ્ટ' (NEET)ના સંપૂર્ણ અંતિમ પેપર્સ સુધી પહોંચ મેળવવી શક્ય બની હતી.

### પેપર સેટરો પ્રશ્નો યાદ રાખી લેતા અને બહાર આવીને તે લીક કરી દેતા!

આરોપનામામાં જણાવાયા મુજબ પેપરો તૈયાર કરનારા પ્રોફેસર કુલકર્ણી રફ શીટ્સનો ઉપયોગ કરીને ટૂંકમાં પ્રશ્નો અને વૈકલ્પિક જવાબોની નાની ચિઠ્ઠીઓ

...અનુસંધાન પાના 11 પર

## દિલ્હી-NCRમાં ભારે વરસાદ, રસ્તાઓ પર કમર સુધી પાણી ભરાયા




■ શુક્રવારે ભારે વરસાદને કારણે રાજધાની દિલ્હી અને આસપાસના NCRમાં સામાન્ય જનજીવન ભારે ખોરવાઈ ગયું. દિલ્હી, નોઈડા અને ગાઝિયાબાદના ઘણા વિસ્તારોમાં રસ્તાઓ પર પાણી ભરાઈ ગયા, જેના કારણે ઘણા મુખ્ય માર્ગો પર લાંબા ટ્રાફિક જામ સર્જાયા. ભારે વરસાદને કારણે લોકોને તેમના ગંતવ્ય સ્થાન સુધી પહોંચવામાં ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો. પાણી ભરાઈ જવાને કારણે વ્યસ્ત ITO વિસ્તારમાં લાંબો ટ્રાફિક જામ થયો હતો. દક્ષિણ દિલ્હીની જીવનરેખા ગણાતા મેહરૌલી-બદરપુર (MB) રોડ પર ઘણા ફૂટ પાણી ભરાઈ ગયા હતા, જેના કારણે મુખ્ય રસ્તો નદી જેવો બની ગયો હતો. પાણી ભરાઈ જવાને કારણે ટ્રાફિક ધીમો પડી ગયો હતો, જેના કારણે ઘણા વાહનચાલકોને લાંબા ડાયવર્ઝન લેવાની ફરજ પડી હતી.

# ભારે ધાંધલ ધમાલ વચ્ચે સંસદના બંને ગૃહો સોમવાર સુધી મોકૂફ

**લોકસભામાં** સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગ વિકાસ(સુધારા) ખરડો ચર્ચા વિના જ પસાર

**રાજ્યસભામાં** ખાસ કશી કામગીરી થઇ શકી નહીં

નવી દિલ્હી, 7 (PTI): નીટ (NEET) પેપર લીક અને રામ મંદિર દાન ચોરી સહિતના વિવિધ મુદ્દાઓ પર વિપક્ષી સભ્યોનો હોબાળો ચાલુ રહેતા શુક્રવારે લોકસભાની કાર્યવાહી દિવસભર માટે મુલતવી રાખવામાં આવી હતી.

ઘોંઘાટ વચ્ચે, ગૃહે માઈક્રો, સ્મોલ એન્ડ મીડિયમ એન્ટરપ્રાઈઝિસ ડેવલપમેન્ટ (એમેન્ડમેન્ટ) બિલ, ૨૦૨૬ ચર્ચા વિના પસાર કર્યું હતું. દિવસ માટે સૂચિબદ્ધ પેપર્સ અને વિવિધ સંસદીય સમિતિઓના અહેવાલો ગૃહમાં રજૂ કરવામાં આવ્યા હતા. નીટ પેપર લીક સામે તાજેતરમાં થયેલા વિદ્યાર્થીઓના વિરોધ પ્રદર્શન દરમિયાન પોલીસ અત્યાચાર અંગે ગૃહમંત્રી અમિત શાહ જવાબ આપે તેવી વિપક્ષની માંગ વચ્ચે, સંસદીય કાર્ય મંત્રી કિરેન રિજિજુએ સ્પષ્ટ કર્યું હતું કે કયા મંત્રી ગૃમાં આવીને જવાબ આપશે તે વિપક્ષ નક્કી કરી શકે નહીં. અધ્યક્ષ સ્થાને રહેલા દિલીપ સાયકિયાએ વિરોધ કરી રહેલા સભ્યોને સહકાર આપવા અને ગૃહ ચાલવા દેવા વિનંતી કરી હતી. વિરોધ અને નારેબાજી ચાલુ રહેતા, ઝીરો અવર ૧૬ મિનિટમાં જ સ્થગિત કરી દેવામાં આવ્યો હતો અને હવે સોમવારે ફરી

...અનુસંધાન પાના 11 પર

**હોર્મુઝ કટોકટી પહેલા જ ભારતે દસ ટકા એલપીજી અમેરિકાથી મંગાવવાનું શરૂ કર્યું હતું, સંજોગો બદલાતા તેમાં મોટો વધારો થયો**

# ભારતનો 67 ટકા LPG પુરવઠો અમેરિકાથી આવે છે

**LPG આયાત** બાસ્કેટમાં થયેલા નોંધપાત્ર ફેરફારમાં અમેરિકા હવે દેશના સૌથી મોટા સપ્લાયર તરીકે ઉભર્યું

નવી દિલ્હી, તા. ૭: ભારતના લિક્વિફાઇડ પેટ્રોલિયમ ગેસ(LPG) આયાત બાસ્કેટમાં છેલ્લા કેટલાક મહિનાઓમાં નોંધપાત્ર ફેરફાર થયો છે, જેમાં અમેરિકા દેશના સૌથી મોટા સપ્લાયર તરીકે ઉભરી આવ્યું છે. કેન્દ્રીય પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રી હરદીપ સિંહ પુરીએ જણાવ્યું હતું કે, ભારતે શરૂઆતમાં તેની એલપીજી જરૂરિયાતોનો માત્ર એક નાનો હિસ્સો જ અમેરિકા પાસેથી મેળવવાની યોજના બનાવી હતી, પરંતુ હવે તે આંકડામાં તીવ્ર વધારો થયો છે. ભારતની ઊર્જા આયાત વિશે વાત કરતા પુરીએ જણાવ્યું હતું કે, સરકારે આ વર્ષની શરૂઆતમાં દેશની એલપીજી જરૂરિયાતના લગભગ 10% અમેરિકાથી આયાત કરવાનો નિર્ણય લીધો હતો. તે સમયે, આ નિર્ણય સ્વતંત્ર રીતે લેવામાં આવ્યો હતો અને તેને 'સ્ટ્રેટ ઓફ હોર્મુઝ'માં ચાલી રહેલી ગતિવિધિઓની ચિંતાઓ સાથે કોઈ લેવાદેવા નહોતી. તેમણે કહ્યું કે, તે સમયે આવા પગલાની જરૂરિયાત અંગે પ્રશ્નો ઉભા થયા હતા, ખાસ કરીને જ્યારે ભારત પાસે પહેલેથી જ ઘણી નજીક સ્થિત એલપીજી સપ્લાયર્સ ઉપલબ્ધ હતા. જો કે, ત્યારથી પરિસ્થિતિમાં ઘણો બદલાવ આવ્યો છે. આજે મને તમને જણાવતા આનંદ થાય છે કે આપણી એલપીજી આયાતમાં યુનાઈટેડ સ્ટેટ્સનો હિસ્સો લગભગ 67% જેટલો છે એમ પુરીએ જણાવ્યું હતું. મંત્રીની આ ટિપ્પણીઓ દર્શાવે છે

...અનુસંધાન પાના 11 પર

## હોર્મુઝ કટોકટી વખતે પણ ભારતે ઇંધણની તંગી સર્જાવા દીધી નહીં: પુરી

**નવી દિલ્હી.** આ વર્ષની શરૂઆતમાં સ્ટ્રેટ ઓફ હોર્મુઝ બંધ થવાને કારણે સર્જાયેલી સપ્લાયની અડચણોથી ભારતે વિવિધ સ્ત્રોતોમાંથી આયાત, રિફાઇનિંગ ક્ષમતામાં વધારો અને ઊંચા સ્થાનિક ઉત્પાદન દ્વારા ગ્રાહકોને સફળતાપૂર્વક સુરક્ષિત રાખ્યા છે, તેમ પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રી હરદીપ સિંહ પુરીએ શુક્રવારે દેશની ઊર્જા સુરક્ષાને મજબૂત કરવાની સરકારની વ્યાપક વ્યૂહરચના રેખાંકિત કરતા જણાવ્યું હતું. કોન્ફેડરેશન ઓફ ઇન્ડિયન ઇન્ડસ્ટ્રી (CII) દ્વારા આયોજિત એક ઉદ્યોગ કાર્યક્રમને સંબોધતા પુરીએ જણાવ્યું હતું કે, ભારતે ઊર્જા સુરક્ષાને માત્ર હાઇડ્રોકાર્બનની ઉપલબ્ધતાના દ્રષ્ટિકોણથી જોવાની માનસિકતાથી આગળ વધીને વૈવિધ્યસભર આયાત, વ્યૂહાત્મક ભાગીદારી, ઇન્ફ્રાસ્ટ્રક્ચરનો વિસ્તાર અને વૈકલ્પિક ઇંધણને પોતાના અભિગમના મુખ્ય સ્તંભો બનાવ્યા છે. તેમણે ઉમેર્યું હતું કે, આજે, મને લાગે છે કે આપણે એ કહેવાની ખુશહાલ સ્થિતિમાં છીએ કે જ્યાં સુધી ભારતનો સંબંધ છે, આપણે તે પરિસ્થિતિમાંથી ઘણા આગળ નીકળી ગયા છીએ.

# કોંગ્રેસનો પોતાના સાંસદોને વ્હીપ : ત્રણ દિવસ ખાસ હાજર રહેવા સૂચના

**કોંગ્રેસે** ઇન્ડિયા ગઠબંધનના સહયોગી પક્ષોને પણ પોતાના સાંસદોને હાજર રખાવવા વિનંતી કરી

**10, 11 12** ઓગસ્ટના રોજ એફસીઆરએ અને ફેરસીમાંકન ખરડા સંસદમાં રજૂ થઇ શકે

નવી દિલ્હી, તા. 7 (PTI): કોંગ્રેસે શુક્રવારે રાજ્યસભા અને લોકસભામાં પોતાના સાંસદોને વ્હીપ જાહેર કરીને આગામી ૧૦, ૧૧ અને ૧૨ ઓગસ્ટના રોજ પોતપોતાના ગૃહોમાં હાજર રહેવા જણાવ્યું છે, કારણ કે આ દિવસોમાં ખૂબ જ મહત્વપૂર્ણ મુદ્દાઓ ચર્ચા માટે હાથ ધરવામાં આવશે.

સૂત્રોના જણાવ્યા અનુસાર, કોંગ્રેસે ઈન્ડિયા ગઠબંધનના તમામ સહયોગી પક્ષોને પણ એ સુનિશ્ચિત કરવા જણાવ્યું છે કે તેમના સાંસદો આ ત્રણેય દિવસ હાજર રહે. આ વ્હીપ એવા અહેવાલો વચ્ચે જાહેર કરવામાં આવ્યો છે કે આગામી સપ્તાહે સંસદમાં વિવાદાસ્પદ ફોરેન કોન્ટ્રિબ્યુશન (રેગ્યુલેશન) અમેન્ડમેન્ટ બિલ, ૨૦૨૬ ચર્ચા અને પસાર કરવા માટે લાવવામાં આવી શકે છે. સરકાર દ્વારા સીમાંકન અંગેના બંધારણીય સુધારા ખરડા પર વિચાર કરવામાં આવી રહ્યો હોવાની પણ ચર્ચા છે.

રાજ્યસભામાં કોંગ્રેસના મુખ્ય વ્હીપ જયરામ રમેશે તેમના ત્રણ લાઈનના વ્હીપમાં જણાવ્યું હતું કે,

...અનુસંધાન પાના 11 પર

# પાકિસ્તાન, સાઉદી અને તુર્કીએ સંયુક્ત સંરક્ષણ કરાર કર્યો

**ત્રણમાંથી** કોઇ એક પણ પરનો હુમલો ત્રણેય પર હુમલો ગણાશે

**રાતા** સમુદ્રના વિસ્તારમાં વધેલા તનાવ વચ્ચે મહત્વનો ઘટનાક્રમ

ઈસ્લામાબાદ, તા. 7 (PTI): પશ્ચિમ એશિયામાં વધતા તણાવને પગલે સુરક્ષાની ચિંતાઓની વચ્ચે પાકિસ્તાન, સાઉદી અરેબિયા અને તુર્કીએ શુક્રવારે એક મહત્વપૂર્ણ સંયુક્ત સંરક્ષણ કરાર પર હસ્તાક્ષર કર્યા છે. આ કરાર હેઠળ ત્રણેયમાંથી કોઈપણ એક દેશ પરના હુમલાને તમામ દેશો પરનો હુમલો માનવામાં આવશે. એક સંયુક્ત નિવેદન અનુસાર, ઈસ્લામના સૌથી પવિત્ર શહેર મક્કાના અલ-સફા પેલેસમાં

...અનુસંધાન પાના 11 પર

## આ કરાર કરવાથી તમને સુરક્ષા નહીં મળી જાય : ઇરાનનો સાઉદી પર ચાબખો

**દુબઈ.** એક પ્રમુખ ઈરાની સાંસદે શુક્રવારે સાઉદી અરેબિયા, તુર્કી અને પાકિસ્તાન વચ્ચે થયેલા સંયુક્ત સંરક્ષણ કરારની ટીકા કરતા જણાવ્યું હતું કે, આ સંધિથી રિયાધને સુરક્ષા નહીં મળે. સાઉદી અરેબિયા, તુર્કી અને પાકિસ્તાને એક એવા કરાર પર હસ્તાક્ષર કર્યા છે જેના અંતર્ગત ત્રણેય દેશોમાંથી કોઈ એક પર થયેલા હુમલાને ત્રણેય પર થયેલો હુમલો ગણવામાં આવશે. ઈરાનની સંસદની રાષ્ટ્રીય સુરક્ષા અને વિદેશ નીતિ સમિતિના સભ્ય ઇબ્રાહિમ રઝાઉઈએ 'X' (ટ્વિટર) પર આ કરારની ટીકા કરી હતી. તેમણે લખ્યું કે, સાઉદીઓએ જાણવું જોઈએ કે તુર્કી અને પાકિસ્તાન સાથેનો કાગળ

...અનુસંધાન પાના 11 પર

# હવે મેટા સાથે સરકારની ટેકનીકલ પ્રકારની ચર્ચાઓ

**ડીપફેક્સ**, CSAM, લેબલ વગરની એઆઇ ઉત્પાદિત સામગ્રી અંગે પોતે શું આયોજન કરે છે તેની માહિતી મેટાએ આપી

નવી દિલ્હી, તા. 7 (PTI): મેટા કંપનીની બે દિવસ સુધી સઘન પૂછપરછ કર્યા બાદ, સરકારે શુક્રવારે સોશિયલ મીડિયાની દિગ્ગજ કંપની સાથે ટેકનિકલ ચર્ચાઓ શરૂ કરી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, આ ચર્ચા દરમિયાન કંપનીએ વિગતવાર માહિતી આપી હતી કે તે ડીપફેક્સ, બાળ જાતીય શોષણ સામગ્રી (CSAM) અને પ્લેટફોર્મ પર લેબલ વગરની કૃત્રિમ રીતે જનરેટ કરાયેલી સામગ્રી અંગે કેન્દ્ર સરકારની ચિંતાઓને કેવી રીતે દૂર કરવાનું આયોજન કરી રહી છે.

સૂત્રોએ પીટીઆઈને જણાવ્યું કે સરકારે મેટાને ચોક્કસ પગલાં લેવા અને તેના પરિણામો અંગે અહેવાલ સોંપવા જણાવ્યું છે. અધિકારીઓ પ્રગતિ અંગે કંપની સાથે નિયમિત ફોલો-અપ લેશે, તેમ સૂત્રોએ ભારપૂર્વક જણાવ્યું હતું. ચર્ચામાં લેવાયેલા મુખ્ય મુદ્દાઓમાંથી એક એ હતો કે એઆઈ-જનરેટેડ નુકસાનકારક સામગ્રીને ફ્લેગ કર્યા પછી પણ તે કેવી રીતે ફરીથી દેખાય છે, સતત પ્રસારિત થાય છે અને વાયરલ થાય છે. આઈટી નિયમો અનુસાર સિન્થેટિક સામગ્રીને

...અનુસંધાન પાના 11 પર

# જન્મથી નાગરિકતાના અધિકારને મર્યાદિત કરતો નવો આદેશ ટ્રમ્પે જારી કર્યો

**જન્મથી** અમેરિકી નાગરિકતા માટે અપાત્ર લોકોની વ્યાખ્યા વિસ્તૃત બનાવાઇ

**અમેરિકામાં** બાળકને જન્મ આપવા માટે આવતી સગર્ભા મહિલાઓને રોકવાની જોગવાઇ

વોશિંગ્ટન, તા. 7 (PTI): અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે બર્થ ટુરિઝમ પર કડક કાર્યવાહી કરવા અને જન્મથી નાગરિકતાના અધિકાર માટે પાત્ર લોકોની સંખ્યા મર્યાદિત કરવા માટે બે એક્ઝિક્યુટિવ ઓર્ડર પર હસ્તાક્ષર કર્યા છે. સુપ્રીમ કોર્ટે આ સંબંધમાં તેમના નિર્દેશને ફગાવી દીધાના થોડા અઠવાડિયા બાદ આ પગલું લેવાયું છે.

ટ્રમ્પ દ્વારા ગુરુવારે હસ્તાક્ષર કરાયેલા એક આદેશમાં વ્યાવસાયિક બર્થ ટુરિઝમમાં સામેલ લોકોને નિશાન બનાવવામાં આવ્યા છે, જે અંતર્ગત તેમને દેશમાં પ્રવેશતા રોકવાનો પ્રયાસ કરવામાં આવશે. બીજો આદેશ એવા લોકોની વ્યાખ્યાનો વિસ્તાર કરે છે જેમને જન્મજાત નાગરિકતા માટે અપાત્ર જાહેર કરવામાં આવ્યા છે, જેમ કે વિદેશી સરકારો વતી લોબિંગ કરતા વિદેશી નાગરિકોના બાળકો.

30 જૂનના રોજ, અમેરિકી સુપ્રીમ કોર્ટે જન્મજાત નાગરિકતા સમાપ્ત કરવાના ટ્રમ્પના કાર્યકારી આદેશને ફગાવી દીધો હતો અને 100 વર્ષથી વધુ જૂની એ સમજણને પુનઃપુષ્ટ કરી હતી કે અમેરિકામાં જન્મેલા લગભગ તમામ લોકો અમેરિકાના નાગરિક છે. આ કાર્યકારી આદેશો પર હસ્તાક્ષર કર્યા બાદ ઓવલ ઓફિસમાં પત્રકારો સાથે વાત કરતા ટ્રમ્પે 30 જૂનના આદેશ માટે સુપ્રીમ કોર્ટ પર આકરા પ્રહારો કર્યા હતા અને દાવો કર્યો હતો કે આ નવું પગલું જરૂરી એડજસ્ટમેન્ટ કરવાના

...અનુસંધાન પાના 11 પર

તા. ૦૭-૦૮-૨૦૨૬નું
વડોદરા શહેરનું
**હવામાન**

| વરસાદ (૧૮.૦૦ કલાક સુધી) | આજનો | મોસમનો |
|---|---|---|
| | 0.0 મીમી | ૫૩૩ મીમી |

| તાપમાન | મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|---|
| | 33.૨ સે. | ૨૭.૦ સે. | ૬૭% |

# વૈશ્વિક ખાદ્ય પદાર્થોના ભાવ ત્રણ વર્ષના ઉચ્ચ સ્તરે પહોંચી ગયા

**હવામાને** ઘઉંના ઉત્પાદનને અસર કરી જ્યારે યુદ્ધોએ નિકાસને અસર કરતાં ભાવમાં વધારો થયો : યુએન ઇન્ડેક્સ

**ખાદ્ય** ચીજવસ્તુઓના બાસ્કેટમાં માસિક ફેરફારોને ટ્રેક કરતો આ સૂચકાંક જુલાઈમાં વધીને ૧૩૧.૧ પોઈન્ટ થયો

**યુરોપ** હીટવેવથી ખેડૂતોને ઘઉં, જવ, મકાઈ અને ઓટ્સ જેવા 9 મિલિયન ટન પાકનો નાશ કરવાની ફરજ પડી

નવી દિલ્હી, તા. 07 : ઉનાળાની ગરમી અને યુક્રેન તેમજ મધ્ય પૂર્વમાં ચાલતા યુદ્ધોને કારણે પાકના ખર્ચમાં વધારો થવાથી જુલાઈમાં વૈશ્વિક ખાદ્યપદાર્થોના ભાવ ત્રણ વર્ષથી વધુના ઉચ્ચ સ્તરે પહોંચી ગયા હતા એવું યુએન ફૂડ એન્ડ એગ્રીકલ્ચર ઓર્ગેનાઈઝેશન (FAO) દ્વારા જણાવ્યું હતું. અનાજ, ખાંડ અને વનસ્પતિ તેલના ભાવમાં ઉછાળા પછી, યુએન ફૂડ એન્ડ એગ્રીકલ્ચર ઓર્ગેનાઈઝેશન (FAO) નો ખાદ્ય ચીજવસ્તુઓના ભાવનો સૂચકાંક ગયા મહિને જાન્યુઆરી 2023 પછીના ઉચ્ચતમ સ્તરે પહોંચી ગયો. FAO એ ઘણા મુખ્ય ઉત્પાદક દેશોમાં ઘઉંના ઉત્પાદનને અસર કરતા પરિબળ તરીકે ગરમીના મોજાને ટાંક્યા હતા, જ્યારે ખાંડના ભાવ 'યુરોપિયન યુનિયનમાં પાકના ઉત્પાદન પર સતત ગરમ અને શુષ્ક હવામાન' અને ઝડપથી વિકસતી અલ નીનો હવામાન પ્રણાલીને કારણે થતા નુકસાનના ભયને કારણે વધ્યા હતા . આંતરરાષ્ટ્રીય સ્તરે વેપાર થતી ખાદ્ય ચીજવસ્તુઓના બાસ્કેટમાં માસિક ફેરફારોને ટ્રેક કરતો આ સૂચકાંક જુલાઈમાં વધીને ૧૩૧.૧ પોઈન્ટ થયો, જે જૂનમાં ૧૩૦.૩ પોઈન્ટ હતો. તે દર્શાવે છે કે જુલાઈમાં અનાજના ભાવમાં માસિક

...અનુસંધાન પાના 11 પર